# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૫–૦૨– ૨૦૧૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# લગભગ યથાવત સ્થિતિ જાળવતું રાજયનું બજેટ

ગુજરાત રાજયના માનનીય નાણાંપ્રધાન શ્રી વજુભાઈ વાળાએ વિક્રમી ૧૭ મી વખતનું રાજયનું અંદાજપત્ર રજુ કરેલ છે, તેના પ્રતિભાવમાં ચેમ્બરના પ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, કોઈ મોટા ફેરફારો વિનાનુ લગભગ યથાવત સ્થિતી જાળવી રાખતુ રાજયનુ આ બજેટ છે.

બજેટના સબળ પાસાઓમાં અગિયારમી પંચવર્ષિય યોજનાનું કદ રૂા. ૧,૧૧,૧૧૧ કરોડના લક્ષ્યાંકની સામે રૂા ૧,૨૭,૬૫૨ કરોડની ઉપલબ્ધી પ્રશંસનીય છે. ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારા અંગે કરવામાં આવેલ ફાળવણી તથા રાજયમાં વિજળીના ઉત્પાદનમાં મોટી હરણફાળ ભરી ૧૮૦૦૦ મેગાવોટના જાદુઈ આંકડાને સ્પર્શવાની સિધ્ધી આવકાર દાયક છે. સોસીયલ વેલફેરની વિવિધ યોજનાઓ હેઠળ શિક્ષણ, પાણી પુરવઠા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, મહિલા અને બાળ વિકાસની વિવિધ યોજનાઓ માટે ફંડની જોગવાઈ લોકોના જીવનસ્તરને ઉંચુ લાવવામાં મદદરૂપ થશે. ખેતીવાડી અને પશુ પાલન ક્ષેત્રની ફાળવણી પણ આવકારદાયક છે. સુરતને પુરથી બચાવવા માટે રૂપિયા ૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તે આવકારદાયક છે પરંતુ તે હજુ અપુરતી છે.

બજેટના નબળા પાસામાં આંખે ઉડીને વળગે તેવી મહેસુલી ખાદ્યના આંકડાઓ છે. જે ૨૦૦૯–૧૦ ના રૂા.૪,૩૫૬ કરોડના અંદાજ સામે રૂપિયા ૬,૯૬૫ કરોડની ચિંતાજનક સપાટીએ પહોંચી ગઈ છે. તેજ રીતે ૨૦૧૦–૧૧ ની અંદાજીત ખાદ્ય ૪,૫૦૨ કરોડથી વધીને સુધારેલ અંદાજમાં ૫,૫૬૧ કરોડ પર પહોંચી ગઈ છે તે એક મોટી ચિંતાનો વિષય છે. આ પરિપેક્ષ્યમાં સને ૨૦૧૧–૧૨ ના અંદાજપત્રમાં રૂા.૪૪૩ કરોડની મહેસુલી પુરાંત અંદાજેલ છે તે સદંતર અવાસ્તવિક અને અવ્યવહારૂ જણાય છે. મહેસુલી ખર્ચમાં પણ મહેસુલી આવક કરતા બહુ મોટો વધારો થઈ રહેલ છે તે પણ ચિંતાનું અન્ય મોટું કારણ છે. મોબાઈલ આમ જનતા માટે જરૂરીયાતની વસ્તુ હોવાનુ નજરઅંદાજ કરીને તેના પરનો વેરાનો દર ૫% થી વધારીને ૧૫% કરેલ છે તે અયોગ્ય છે. તેમજ ગુજરાતમાં હાલમાં પણ વિજળી ખૂબજ મોંઘી હોવા છતાં આ બજેટમાં કુદરતી સ્ત્રોત સિવાયના વિજળી ઉત્પાદન પર યુનિટ દીઠ બે પૈસાનો વેરા નાખેલ છે જે વેપાર ઉદ્યોગને ખૂબજ માઠી અસર પહોચાડે તેમ છે. તદઉપરાંત વેપાર ઉદ્યોગની વિવિધ લાંબા ગાળાની ન્યાયિ માંગણીઓ પણ સંતોષવામાં આવી નથી.

આમ એકંદરે બજેટમાં ખાસ કોઈ મોટા ફેરફારો કરવામાં આવ્યા હોવાનું જણાતુ નથી.